# હિંમતનગરની ગુહાઈ કોલોનીમા ૨૪ વર્ષીય આશાસ્પદ યુવાને ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી

## આત્મહત્યાનું કારણ અકબંધ : હિંમતનગર એ ડિવિઝન પોલીસ સહિત એફએસએલ અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૬

હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં આવેલી ગુહાઈ કોલોનીમાં રહેતા અને સિંચાઈ વિભાગની કચેરીમાં સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીના ૨૪ વર્ષીય પુત્રએ ગત રોજ સોમવારે સમી સાંજે આશરે સાતેક વાગ્યાના સુમારે હીંચકો બાંધવાના હુક ઉપર દોરડા વડે લટકીને ગળે ફાંસો ખાઈને



આત્મહત્યા કરી પોતાની જીવનલીલા સંકેલી લેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી મૃતકના પિતાએ રૂબરૂ પોલીસ મથકે આવી સમગ્ર ઘટના અંગે પોલીસને જાણ કરતા એફ.એસ.એલ તથા પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પંચનામા સહિતની કાર્યવાહી હાથ ધરી મૃતક ૨૪ વર્ષીય યુવકની લાશ નો કબજો લઈ લાશને પીએમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી ૨૪ વર્ષીય આશાસ્પદ યુવાનને ગળે ફાંસો ખાઈ પોતાની જીવનલીલા સંકેલી લેતાં પરિવારજનોમાં સુખ નો માહોલ પ્રસરી જવા પામ્યો હતો

સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં આવેલી ગુહાઈ કોલોનીમાં ગતરોજ ૫ એપ્રિલ ૨૦૨૧ ના રોજ સમી સાંજે આશરે સાતેક વાગ્યાના સુમારે ગુહાઈ કોલોનીમાં સી/૨ રૂમ નં- ૮ માં રહેતા અને સિંચાઈ વિભાગની કચેરીમાં સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા જગદીશભાઈ બાબુભાઈ ડામોર ના પુત્ર રજનીકાંત ડામોરે હીંચકો બાંધવાના હુક ઉપર દોરડા વડે લટકીને ગળે ફાંસો ખાઈ લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે ૨૪ વર્ષીય આશાસ્પદ યુવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ પોતાની જીવનલીલા સંકેલી લેતાં મૃતક યુવકના પિતા હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે દોડી આવ્યા હતા અને સમગ્ર ઘટના અંગે પોલીસને વાકેફ કર્યા હતા ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને એફએસએલની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પોલીસે ઘટના સ્થળે પંચનામા સહિતની કાર્યવાહી હાથ ધરી મૃતક ૨૪ વર્ષીય યુવકની લાશ નો કબજો લઈ લાશને પીએમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને ૨૪ વર્ષીય આશાસ્પદ યુવાને કયા કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી અથવા તો આ હત્યા છે કે આત્મહત્યા તે અંગે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

# ઉત્તર ગુજરાતમાં લીલા વૃક્ષોનું નિકંદન નિકળતાં ઉનાળો બન્યો આકરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ઉત્તર ગુજરાતમાં સૂર્યનારાયણ કોપાયમાન થયા છે. ચૈત્ર માસમાં અંગારા વરસાવતી ગરમીથી જનજીવન ત્રાહીમામ પોકારી ગયું છે. દર વર્ષે ચોમાસામાં લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ થતું હોવા છતાં વન વિભાગ લીલા વૃક્ષોની જાળવણીમાં નિષ્ફળ રહેતાં પાંચેય જિલ્લામાં વૃક્ષોનું નિકંદન નિકળી જતાં ઉનાળો આકરો બની રહ્યો છે. જ્યારે સીમેન્ટ કાંકરીટના જંગલો વધી રહ્યાં છે તો બીજી તરફ ગાઢ વૃક્ષો જંગલો ઘટતાં જતાં આગામી સમયમાં માનવ જાત પોતાની જ વેરી બને તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

વિશ્વ ગ્લોબલ વોર્મિંગ સહિતની સમસ્યાઓથી ઘેરાઈ ગયું છે. રેકોર્ડ બ્રેક ગરમી અને ઠંડીથી અનેક દેશો હચમચી રહ્યા છે. હવામાન એજન્સીએ આગામી બે માસ દેશભરમાં આકરો તાપ વરસશે

**વૃક્ષારોપણના તાયફા છતાં ગરમીએ પાછલા રેકોર્ડ તોડ્યા**

તેવી ચેતવણી આપી છે ત્યારે ઉત્તર ગુજરાતમાં પાછલા કેટલાક વર્ષોથી લીલાં વૃક્ષોનું નિકંદન નિકળી જતાં ઉનાળા દરમ્યાન તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. આ વર્ષે પણ ગરમીએ ગત એપ્રિલના પ્રથમ સપ્તાહનો રેકોર્ડ તોડી ૪૧ ડિગ્રીએ પહોંચી છે. દર વર્ષે તાપમાનનો પારો ઉંચકાવવા પાછળ ગેરકાયદે વૃક્ષછેદનની પ્રવૃત્તિ જવાબદાર છે. વૃક્ષોના ઉછેર કરતાં તેનું નિકંદન કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે તેમ છતાં પર્યાવરણ જાળવણીના યોગ્ય નિર્ણયો કરવાના બદલે વન વિભાગ માત્ર વિરપ્પનોને છાવરતું હોય તેવી છબી દેખાય છે. તાપમાનનો પારો ઉંચકાવવા પાછળ પણ આડેધડ વૃક્ષછેદન જવાબદાર માની શકાય. ઉત્તર ગુજરાતનો જંગલ વિસ્તાર પાછલા ૨૦ વર્ષમાં ૭ થી ૮ ટકા ઘટ્યાની સંભાવના છે. જ્યારે અગાઉ ગામડાઓમાં પણ ઘટાટોપ વૃક્ષો હતો તે પણ હવે કાંકરીટના જંગલો અસ્તિત્વમાં આવતાં નામશેષ થઈ રહ્યા છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં ભાજપ સ્થાપના દિનની ઉજવણી

## કાર્યકરોએ પોતાના ઘર આગળ ભાજપનો ધ્વજ ફરકાવ્યો




બાયડ, ઈડર, મોડાસા, તા.૦૬

તા.૬ એપ્રિલના રોજ વિશ્વના સૌથી વધુ કાર્યકર ધરાવતા રાષ્ટ્રીય પક્ષ ભાજપના સ્થાપના દિવસની કાર્યકરો દ્વારા ઉજવણી કરવામાં આવી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ ૨૨ મંડલોમાં ભાજપ સંગઠન હોદ્દેદારો અને પદાધિકારીઓ દ્વારા ભાજપ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નરેન્દ્ર મોદીની વડાપ્રધાન તરીકે પસંદગી પછી ભાજપના કાર્યકરોમાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયના ચૂંટણી જંગમાં સાબરકાંઠા, અરવલ્લીમાં ભાજપનો ભગવો લહેરાતાં સંગઠન અને કાર્યકરોમાં જબરો ઉત્સાહ છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રકુમાર પટેલ, મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, ભીખાજી ડામોર, હસમુખભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ, મહામંત્રી વિજયભાઈ પંડ્યા સહિત તમામ મંડલોના ભાજપ સંગઠન હોદ્દેદારો અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા મંગળવારે ભાજપ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યકરોએ પોતાના ઘરે ભાજપનો ધ્વજ ફરકાવ્યો હતો. કેટલાક વિસ્તારોમાં મીઠાઈ વહેંચી ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કેટલાક કાર્યકરો દ્વારા કુપોષણ સામે જંગ લડવાના હેતુથી ઘેર..ઘેર જઈ બાળકોને તેમજ સગર્ભા બહેનોને ફ્રુટ અને પોષણયુક્ત આહાર આપવામાં આવ્યો હતો.

# મેઘરજના ઘઉં, ચણા ખરીદી કેન્દ્ર ઉપર ગોકળગાયની ગતિએ ખરીદી, દોઢ કી.મી. વાહનોની કતાર ખડકાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

જિલ્લામાં ટેકાના ભાવે ચણા અને ઘઉં ખરીદી શરૂ થઈ છે ત્યારે મેઘરજના ખરીદી કેન્દ્ર ઉપર ચણા અને ઘઉંની ગોકળગાયની ગતિથી ખરીદી થવાના કારણે ભયંકર ઉનાળામાં દોઢ કી.મી. વાહનોની કતાર ખડકાઈ છે. ધરતીપુત્રો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે છતાં નિષ્ઠુર બનેલા તંત્રએ ખેડૂતો માટે છાંયડો અને ઠંડા પીવાના પાણીની કોઈ વ્યવસ્થા ન કરતાં રોષ સામે આવ્યો છે.

**ભયંકર ગરમીમાં ધરતીપુત્રો ત્રાહીમામ**



આ વર્ષે શિયાળાની યોગ્ય રીતે જમાવટ પછી શિયાળુ પાકોનું બમ્પર ઉત્પાદન થયું. સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉં, ચણા સહિતના ખેતી પાકોની ખરીદી શરૂ કરવામાં આવી છે તેમાં અધકચરા માપદંડોથી ચણા પકવતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો છે. જે ખેડૂતોએ અગાઉથી ટેકાના ભાવે ઘઉં અને ચણા વેચવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું તેવા ખેડૂતોને ખેતપેદાશ વેચવા માટે ખરીદી કેન્દ્રમાં આવવા જણાવવામાં આવ્યું છે. જે મુજબ મેઘરજ તાલુકાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી ઘઉં, ચણા પકવતા ખેડૂતો પાક ઉપજ લઈને ખરીદી કેન્દ્ર ઉપર આવ્યા પરંતુ અહીંયાં અત્યંત ધીમી ગતિએ ખરીદી ચાલી રહી છે. જેથી મંગળવારે બપોરે રસ્તા ઉપર દોઢ કી.મી. સુધી પાક ઉપજ ભરેલાં વાહનોની કતાર ખડકાઈ હતી. એક તરફ સરકાર અને તેનો કૃષિ વિભાગ ખેડૂતોને તેમની ખેતપેદાશ પોષણક્ષમ ભાવે વેચવામાં કોઈ મુશ્કેલી ન પડે તેની તકેદારી રાખવાની હૈયાધારણા આપે છે પરંતુ મેઘરજમાં દેખાયેલા દ્રશ્યો જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ જોવા મળી રહ્યા છે. ધોમધખતા તાપમાં તંત્ર અને સરકાર ખેડૂતો ઉપર સંવેદના દાખવે તે જરૂરી છે.

# અરવલ્લી જિલ્લામાં સેવાસેતુ, યોગ દિવસના મંડપ-ડેકોરેશનના બીલ ચૂકવવામાં તંત્રના ઠાગાઠૈયા

## છેલ્લા ૨ વર્ષથી સરકારી કચેરીનાં પગથિયાં ઘસવા છતાં બીલ પાસ થતાં નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૮-૧૯માં યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમ તેમજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ વર્ષથી મંડપ-ડેકોરેશનના ઈજારદારોના બીલ તંત્ર ચૂકવતું ન હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે. કલેક્ટર કચેરી પ્રાંત કચેરીએ મોકલે છે અને પ્રાંત કચેરી દ્વારા અગાઉના અધિકારી બદલાયા હોવાથી અમે બીલ પાસ ન કરી શકીએ તેવા જવાબો આપી મંડપ-ડેકોરેશનના ઈજારદારોને પરેશાન કરવામાં આવી રહ્યા છે.

સરકારની ખાસ કરીને સેવાસેતુ કામગીરીને અરવલ્લી જિલ્લામાં સારી લોકચાહના મળી હતી કારણ કે સરકાર આપણા દ્વારે કાર્યક્રમ હેઠળ યોજાતા સેવાસેતુ કાર્યક્રમમાં અરજદારોના તમામ કામોનો નિકાલ સ્થાનિક કક્ષાએ થતો હતો. આવા કાર્યક્રમોના આયોજન માટે મંડપ, સાઉન્ડ, ટેબલ, ખુરશી સહિતની તમામ વ્યવસ્થાઓ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી હતી અને આ માટે દરેક તાલુકાઓમાં મંડપ-ડેકોરેશનના વ્યવસાયિકો પાસેથી ટેન્ડર માંગવામાં આવ્યા હતા. ઓછા ભાવે સેવાસેતુ અને વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન થયું ત્યારબાદ ધંધાર્થીઓએ બીલ વહીવટી તંત્રને મોકલી આપ્યાં પરંતુ છેલ્લા ૨ વર્ષથી બાઈ બાઈ ચારણીની જેમ ભટકવા છતાં બીલ પાસ થતાં નથી. છેલ્લા ૨ વર્ષથી સરકારી કામગીરીમાં મંડપ બાંધનારાઓના બીલ પાસ ન થતાં આ મામલે રાજ્યના મુખ્ય મંત્રી સમક્ષ જિલ્લા મંડપ-ડેકોરેશન એસોસીએશન રજૂઆત કરશે તેવું જાણવા મળ્યું છે.

## જન્મદિને વધામણી



નટુભાઈ એમ. પ્રજાપતિ
(જાલમપુરા પ્રા.શાળા)
આકરૂન્દ, તા.ધનસુરા



કિર્તન પટેલ
સુંદરપુરા, તા.બાયડ



એડવોકેટ ગીરીશભાઈ ભાવસાર
હિંમતનગર, જિ.સા.કાં.



સચિનગીરી ગોસ્વામી
બાયડ



પિયુષ ગોર
બાયડ

# પ્રાંતિજ સિવિલ તથા પોગલુ પીએચસી ખાતે જીલ્લા કલેકટરે રસી કેન્દ્ર મુલાકાત લીધી



પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જિલ્લા કલેક્ટર ડૉ.રાજેન્દ્ર પટેલ દ્વારા વેક્સિનેશન ની કામગીરી ને લઈ ને સમીક્ષા કરવામા આવી જેમા પ્રાંતિજ સીએચસી તથા પોગલુ પીએચસી ખાતે સ્થળ મુલાકાત લીધી.

તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નીતીનભાઈ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર સોલંકી, સિવિલ હોસ્પિટલ ના ડૉ. હર્ષ પટેલ, પ્રાંતિજ પીઆઈ પી.એલ. વાઘેલા સહિત ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

## પૂર્વ મંત્રી, નગરપાલિકાના પ્રમુખ, ભાજપ શહેર પ્રમુખ, ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા : નાની ભાગોળથી સ્વચ્છતા રેલી યોજાઈ

પ્રાંતિજ તા.૬

ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ભાજપ દ્વારા સ્વચ્છતા ની રેલીયોજી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી.

છઠ્ઠી એપ્રિલ ૧૯૮૦ સ્થાપના દિવસ ને લઈને ભાજપ દ્વારા ઠેરઠેર સ્થાપના દિવસ ની ઉજવણી કરવામાં આવી રહી છે તો પ્રાંતિજ ખાતે પણ નાની ભાગોળ ખાતે આવેલ શ્રી હરી હરેશ્વર મહાદેવ મંદિર ના હોલ ખાતે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ ના અધ્યક્ષતા મા પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો જેમા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા ના કોર્પોરેટર અરવિંદભાઈ પરમાર, બાંધકામ સમિતિ ના ચેરમેન રાજેશ



નગર પાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, શહેર પ્રમુખ નિત્યાનંદ ભાઈ બ્રહ્મભટ્ટ, મંત્રી નિકુલરામી, ટેકવાણી સહિત સોવકોઈ ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા સ્થાપના દિવસ ને લઈ ને ઉપસ્થિત રહીને ફોટા ને ફુલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરવામા આવી હતી તો પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા સોવકોઈ ઉપસ્થિતો ને કાર્યક્રમ વિષે વિસ્તૃત માહિતી આપવામા આવી હતી તો સ્થાપના દિવસ ની ઉજવણી સોશિયલ ડીસટન તથા ફરજીયાત માસ્ક સાથે ભાજપ કાર્યકરો નગરપાલિકાના કોર્પોરેટર સહિત ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તો પ્રાંતિજ નાની ભાગોળથી સ્વચ્છતા અંગેની રેલીનું આયોજન કરવામા આવ્યુ હતુ અને રોડ ઉપર પડેલ પ્લાસ્ટિકનો કચરો ઉઠાવવામા આવ્યો હતો.



**કોરોનાના કેસો વધતા મહાવીર નગર કેનાલ ઉપર રેપિડ ટેસ્ટ કેમ્પ શરૂ કરાયો**

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં કોરોના મહામારીની બીજી લહેરમાં કોરોના સંક્રમણ કૂદકે અને ભૂસકે વધતુ જોવા મળી રહ્યું છે વળી કોરોનાનો નવો સ્ટ્રેઈન નાના બાળકો સહિત વયોવૃદ્ધ લોકોને પણ ભરડામાં લેતો હોવાનો ખુલાસો થયા બાદ હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઘાતક કોરોનાને લઈને વધુ ચિંતિત બન્યા છે ત્યારે ઘાતક કોરોના મહામારીને ડામવા માટે જિલ્લાના વડામથક હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારના કેનાલ ફ્રન્ટ ઉપર હિંમતનગર નગરપાલિકા અને તાલુકા આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે રેપિડ ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું સવારે ૧૦ થી ૧ એમ ત્રણ કલાકના સમયગાળા દરમિયાન યોજાયેલા આ રેપિડ ટેસ્ટ કેમ્પમાં કોરોના ના વધતા જતા સંક્રમણની ધ્યાને લઈ વહેલી સવારથી જ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી

# પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ બજારમાં માસ્ક ડ્રાઈ યોજાઈ

## પ્રાંતિજ પીઆઈ સહિત પોલીસ સ્ટાફ દ્વારા પ્રાંતિજ બજારમા માસ્ક ડ્રાઇ યોજી : વેપારીઓને ફરજીયાત માસ્ક પહેરવા અપીલ : વેપારીઓ સહિત બજારમાં આવતા જતા લોકોને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા જણાવ્યું

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામા વધતા જતા કોરોનાના કેસોને લઈને પ્રાંતિજ બજારમાં સોશિયલ ડીસટન જળવાઈ રહે અને વેપારીઓ સહિત બજાર મા આવતા જતા લોકો ફરજિયાત માસ્ક પહેરે તે માટે આજે પ્રાંતિજ પીઆઈ પી.એલ વાઘેલા દ્વારા પ્રાંતિજ બજાર મા માસ્ક ડ્રાઈ યોજી હતી.

પ્રાંતિજ સહિત તાલુકામા વધતા જતા કોરોના ના ઉપરાઉપરી કેસોને લઈને આજે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ.વાઘેલા દ્વારા એપ્રોચરોડ સહિત બજાર વિસ્તારમા માસ્ક ડ્રાઈ યોજાઈ હતી અને વેપારીઓ સહિત બજારમા આવતા જતા લોકો ને ફરજીયાત માસ્ક પહેરવા




તથા બજાર મા સોશિયલ ડીસટન જળવાઈ રહે તે માટે વેપારીઓ સહિત બજારમા આવતા લોકોને અપીલ કરવામા આવી હતી અને ફરજીયાત માસ્ક પહેરવા જણાવ્યુ હતુ તો બજારમા માસ્ક ડ્રાઈ વખતે ધુમ બાઈક ચલાવી માસ્ક વગર ફરતા કેટલાક બાઈક સવારો સામે કાયદેસર ની કાર્યવાહી પણ હાથધરી હતી તો બજાર મા આવતા જતા લોકો સહિત વેપારીઓએ માસ્ક ફરજીયાત પહેરવા અપીલ કરી હતી અને માસ્ક નહી પહેનાર સામે પ્રાંતિજ પોલીસ દ્વારા દંડ સહિતની કાર્યદેસરની કાર્યવાહી કરવામા આવશે તો પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ. વાઘેલા, પીએસઆઈ એસ.જે.ગોસ્વામી, પોલીસ કોન્સ્ટેબલ દિપકસિંહ, માનસિંહ, રાજેન્દ્ર સિંહ, વસંતભાઈ સહિત નો પોલીસ સ્ટાફ દ્વારા બજાર એપ્રોચરોડ ઉપર માસ્ક ડ્રાઈ યોજી હતી અને વેપારીઓ સહિત આવતા જતા લોકો મા કોરો ના અંગે ની જાગૃતિ સાથે ફરજીયાત માસ્ક પહેરવા જણાવ્યુ હતુ.

# પ્રદેશ ભાજપ કારોબારીમાં સમાવેશ થતાં સન્માન...



ગાંભોઈ, તા.૦૬

સાબરકાંઠા જિલ્લાના પૂર્વ સાંસદ અને ગાંભોઈના વતની ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણનો ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સમિતિમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા સમાવેશ કરતાં સ્થાનિક વેપારી મંડળના પ્રમુખશ્રી ભગવાનદાસ ચૌધરી, અમિતભાઈ સુખડીયા અને ભાજપના કાર્યકર સતિષભાઈ પ્રજાપતિ, વિરુભા વંશ, દિવ્યરાજસિંહ ચૌહાણ, ગજેન્દ્રસિંહ રહેવર, કુલદીપસિંહ રહેવર દ્વારા ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણનું સોમવારે ગાંભોઈ ખાતેના તેમના નિવાસ સ્થાને સન્માન કરાયું હતું.